જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૧૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૨૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૨ બીયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩,૧૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૧૭/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ સુમતી સ્કુલ પાસે ચાણકયપુરી સેકટર-૦૩ ખાતે રહેતા આરતી પુખરાજ બહોરા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ–સરમાળીયા તા,જી–બ્યાવર રાજય રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૩/૨૦૨૬ સાંજના ૫/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

રાણીપઃ દશરથભાઈ શક્કરભાઇ દેસાઇ (ઉ.વ.૪૨) (રહે. સુંદરવન કલેટ બલોલનગર બ્રિજ પાસે રાણીપ) એ પત્ની રિસામણે હોય મનમાં લાગી આવતા તા.૨૨/૦૩/૨૦૨૬ સવારના ૬/૪૫ વાગ્યાથી કલાક ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ સવાભાઈ ચલાવે છે.

અમરાઈવાડીઃ સુષ્મીતા રવિચંદ્રન પેરીયાસ્વામી દેવેન્દ્ર (ઉ.વ.૨૬) (સર્વોદયનગર સિધ્ધી વિનાયક મંદિરની પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૩/૨૦૨૬ કલાક ૬/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ગોસાઇ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ વટવા જીઆઈડીસી ફેઝ–૦૨ શ્રી ક્રિષ્ના ફ્લોર ફેક્ટરી પ્રા.લી. કંપની ખાતે રહેતા રવિ સ/ઓ મહેશ જાતે ભારતી (ઉ.વ.૩૪) (મુળ વતન. વોર્ડ નં.૧૪ શિવ મંદીરની બાજુમાં નવી આબાદી કુકડા જગત છિંદવારા મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૩/૨૦૨૬ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા શ્રી ક્રિષ્ના ફ્લોર ફેક્ટરી પ્રા.લી. કંપનીમાં મજુરો માટે રાખવામાં આવેલ ૧૨ ઓરડી પૈકી મોબાઇલ ટાવરની ઓરડીમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.સુતરીઆ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી